ભગવાનના ભક્ત ગરીબ કેમ હોય છે?

ભગવાનને માત્ર બળ, જ્ઞાન કે સંપત્તિથી પ્રાપ્ત કરી શકાતા નથી. તેમને પ્રાપ્ત કરવાનો સાચો માર્ગ છે નિર્મળ ભક્તિ અને પ્રેમ. કહેવાય છે કે ભગવાનને બાંધનાર બે આંગળનું રહસ્ય છે - એક ભક્તનો નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન અને બીજું ભગવાનની કૃપા

જે પરમેશ્વરની સેવા સ્વયં શ્રીલક્ષ્મીજી કરતાં હોય અને જેઓ સ્વયં 'લક્ષ્મીપતિ' કહેવાતા હોય તેમના અનન્ય ભક્તો આ સંસારમાં પ્રાયઃ નિર્ધન કે સામાન્ય સ્થિતિમાં કેમ જોવા મળે છે? જ્યારે બીજી તરફ અનાચારી કે ઈશ્વરથી વિમુખ વ્યક્તિઓ ભૌતિક સમૃદ્ધિમાં આળોટતી દેખાય છે.

ભગવાને કહ્યું છે કે હું જેના પર વિશેષ કૃપા કરવા ઈચ્છું છું તેનું ભૌતિક ધન અને વૈભવ ધીમે-ધીમે હરી લઉં છું. જ્યારે વ્યક્તિ નિર્ધન અને નિરાધાર બને છે ત્યારે સંસારનાં જૂઠાં સગાં-સંબંધીઓ પણ તેનો સાથ છોડી દે છે. આવી સ્થિતિમાં તેની પાસે ભગવાન સિવાય અન્ય કોઈ આશરો બચતો નથી અને તે પૂર્ણપણે ઈશ્વરના શરણાગત થઈ જાય છે.

ભગવાન જાણે છે કે તેમનો ભક્ત તેમની ભક્તિ તો કરે છે પરંતુ તેની આસક્તિ હજુ પણ ભૌતિક પદાર્થોમાં અટવાયેલી છે, જ્યાં સુધી આ ભૌતિક મોહ છૂટે નહીં ત્યાં સુધી જીવ જન્મ-મરણ, જરા-વ્યાધિ અને દુઃખાલય જેવા આ સંસારચક્રમાંથી મુક્ત થઈ શકતો નથી.ભગવદ્-કૃપાનો અર્થ ભૌતિક સમૃદ્ધિ નથી પરંતુ આત્મિક મુક્તિ છે. ભગવાન પોતાના ભક્તને કાચના ટુકડા સમાન સંસારી ધન નથી આપતા પરંતુ 'હરિનામ' રૂપી પારસમણિ આપે છે.

એક વાર દેવર્ષિ નારદજીના મનમાં પણ આ પ્રશ્ન જાગ્યો, તેમણે ભગવાનને પૂછ્યું કે ''પ્રભુ! આપના સાચા ભક્તો જ સંસારમાં દરિદ્રતા શા માટે ભોગવે છે?'' ભગવાને સ્મિત સાથે કહ્યું કે, ''નારદ! મારી કૃપાના ગૂઢ મર્મને સમજવો અત્યંત કઠીન છે. ચાલો, તમોને પ્રત્યક્ષ અનુભવ કરાવું.''

ભગવાન અને નારદજી સાધુનો વેશ ધારણ કરીને પૃથ્વી લોક પર પધાર્યા. તેઓ સૌથી પહેલાં એક અત્યંત ધનવાન પણ અહંકારી શેઠના દ્વારે પહોંચ્યા, દરવાજો ખખડાવીને ભગવાને ભિક્ષા માગી, ''ભાઈ ! ખૂબ ભૂખ લાગી છે, થોડું ભોજન મળશે?''

બોધકથા

શેઠ ગુસ્સામાં બહાર આવ્યો અને સાધુઓનો નિરાદર કરતાં બોલ્યો કે, ''તમોને મહેનત કરતા શરમ આવે છે? અહીં તમારા બાપનો માલ ભરેલો છે કે મફતમાં ખાવા આવી ગયા છો? જાઓ, કોઈ હોટેલમાં જઈને માગો!'' આ સાંભળી નારદજીને ખૂબ ક્રોધ આવ્યો, તેમણે



ભગવાનને કહ્યું કે, ''પ્રભુ! આ દુષ્ટ અને અહંકારી વ્યક્તિ આપનો અને સંતોનો અનાદર કરે છે છતાં સુખી છે, તેને કઠોર શ્રાપ આપો'' પરંતુ ભગવાને શાંતિથી પેલા શેઠને આશીર્વાદ આપ્યા કે ''તારું ધન અને સમૃદ્ધિ બમણાં થઈ જાઓ!''

ત્યાર બાદ ભગવાન અને નારદજી એક નિર્ધન અને વૃદ્ધા માજીની ઝૂંપડીએ પહોંચ્યા, તે માજી પાસે મિલકતમાં માત્ર એક નાની ઝૂંપડી અને એક ગાય સિવાય કંઈ નહોતું. જેવો ભગવાને સાદ પાડ્યો, વૃદ્ધા માજી અત્યંત આનંદિત થઈને બહાર દોડી આવ્યાં, તેમણે બંને સંતોને આદરપૂર્વક બેસાડ્યા અને ઘરમાં રહેલું સમગ્ર દૂધ બે ગ્લાસમાં ભરીને પ્રેમાળ ભાવે અર્પણ કર્યું.

માજીના પ્રેમપૂર્ણ સત્કારથી નારદજી ગદગદ થઈ ગયા, તેમણે ભગવાનને કહ્યું કે, ''પ્રભુ ! જુઓ આ ભક્તની દુર્દશા! આપનું ભજન કરવા છતાં આ માજી ગરીબીમાં જીવે છે અને છતાં અતિથિ દેવો ભવની ભાવના રાખે છે, આપ એમને અપરંપાર ધન-દોલતના આશીર્વાદ આપો'' પરંતુ ભગવાને થોડી વાર વિચાર કરીને આશીર્વાદ આપ્યા કે, ''તારી આ ગાય ટૂંક સમયમાં મૃત્યુ પામો.''

આ સાંભળી નારદજી આશ્ચર્યચકિત થઈ ગયા અને બોલ્યા કે, ''પ્રભુ ! આ કેવો ન્યાય? અપમાન કરનાર શેઠને ધનવૃદ્ધિ અને પરમ ભક્ત માજીની એકમાત્ર આજીવિકા સમાન ગાયનું મૃત્યુ?'' ત્યારે ભગવાને નારદજીને આત્મિક મર્મ સમજાવતાં કહ્યું કે, ''નારદ! આ વૃદ્ધા માજી મારી પરમ ભક્ત છે. થોડા દિવસો પછી તેમનું આયુષ્ય પૂરું થવાનું છે પરંતુ તેમના મનમાં સતત એક જ ચિંતા રહે છે કે 'મારા મૃત્યુ પછી મારી ગાયનું શું થશે? તેને કોણ સાચવશે?' જો આ સ્થિતિમાં તેમનું મૃત્યુ થાય તો અંતકાળે ઈશ્વરના સ્મરણને બદલે ગાયનો વિચાર આવવાથી તેમને પુનઃ પશુ યોનિમાં જન્મ લેવો પડે. મેં તેમની ગાયનું હરણ કરીને તેમની અંતિમ આસક્તિ દૂર કરી દીધી છે જેથી મૃત્યુ સમયે તેમનું ચિત્ત કેવળ મારામાં જ રહે અને તેઓ સીધા મારા પરમ ધામને પ્રાપ્ત કરે.''

ભગવાને આગળ ઉમેર્યું કે, ''બીજી તરફ પેલા અહંકારી શેઠને મેં વધુ ધન આપ્યું છે જેથી તેનું મન તિજોરી અને ધનમાં જ અટવાયેલું રહે. અંત સમયે તે તેના ધનનું જ ધ્યાન ધરશે અને પરિણામે આગામી જન્મમાં પોતાની જ તિજોરી નીચે સર્પ બનીને જન્મ લેશે અને કષ્ટ ભોગવશે.''

મનુષ્ય અંતકાળે જે જે ભાવનું સ્મરણ કરતાં શરીર છોડે છે તે તે ભાવ કે યોનિને જ પ્રાપ્ત થાય છે. જીવની જેવી ચિત્તવૃત્તિ અને આસક્તિ હોય છે તેવું જ તેના ભવિષ્યનું નિર્માણ થાય છે. કહેવત છે કે 'આશા ત્યાં વાસા અને સૂરતા ત્યાં મુકામ.'

- વિનોદભાઈ માછી નિરંકારી

ઝવતો ઘડો

સામેની વ્યક્તિના દુઃખને તેઓ ઓળખી જતા અને કહ્યા વગર પણ તેનું દુઃખ દૂર કરી દેતા



તલુક શહેર મિદનાપુર જિલ્લાનું વટુંમથક છે. પરંતુ, બંને તરફ નદીના અવિરત વહેતા પ્રવાહને લીધે તેનો ગ્રામ્ય ઠાઠ જળવાઈ રહ્યો છે.

સહજિયા વૈષ્ણવ અજાનદાસ બાઉલનો આશ્રમ વર્ષોથી અહીં છે. તેમના ગુરુ સ્વરૂપદાસ તરફથી તેમને આ આશ્રમ વારસામાં મળ્યો છે. એટલે કે, ગુરુ-ચેલાનો સાથે મળીને અહીં છ દાયકાનો વસવાટ તો ખરો જ!

અમે અજાનને પૂછ્યું, 'આ આશ્રમ તારા ગુરુએ તને આપ્યો છે ને?'

જવાબમાં તેમણે કહ્યું, 'સતીશ, ફક્ત આશ્રમ જ નહીં, મારું જે કંઈ છે તે બધું જ ગુરુએ મને આપેલું છે. મારા ગુરુ ખૂબ જ મહાન હતા. સામેની વ્યક્તિના દુઃખને તેઓ ઓળખી જતા અને કહ્યા વગર પણ તેનું દુઃખ દૂર કરી દેતા.'

અમે કહ્યું, 'એમ? તો એકાદ વાત કરને?'

તેણે વાત માંડી, 'પચાસેક વર્ષ થઈ ગયાં હશે. હું ત્યારે બાર વર્ષનો હતો. તે સમયે તમલુક સાવ ગામડા જેવું લાગતું. આપણા આશ્રમ પાસે નદીમાંથી પનિહારીઓ પાણી ભરીને ગામ તરફ જતી.

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

તે સમયે એક ઘટના બની. મારા ગુરુએ આશ્રમમાંથી પાણીઘાટ તરફ જોયું તો બે બહેનો અડધા કલાકથી જળઘાટ પર બેઠી હતી. તેઓ ઘરે પણ જતી નહોતી અને પાણી પણ ભરતી નહોતી. તેથી ચિંતાતુર ગુરુએ મને તેમની શું સમસ્યા છે તે જોવા માટે મોકલ્યો.

હું તે બહેનો પાસે ગયો. તેમણે મને સમજાવ્યું કે તેમને કંઈક તકલીફ છે, પણ મારી બાળબુદ્ધિને લીધે તેમની વાત મને સમજાઈ નહીં. તેથી, તે બહેનોને કંઈક તકલીફ છે, એટલું સમજીને જ હું ગુરુ પાસે પાછો આવ્યો.

ગુરુ તરત જ તે ઘાટ પર ગયા અને તે બહેનોને પૂછ્યું, 'શું તકલીફ છે?'

ત્યારે નાની વહુએ કહ્યું, 'બાઉલ, મારું બેડું લઈને હું ઘરેથી પાણી ભરવા નીકળી હતી. અહીં પાણી ભરતાં ખબર પડી કે હાંડામાંથી તો પાણીની ધાર થાય છે! જો ભરીને ઘરે જઈશ તો પાણી ઓછું થશે. તેનો તો વાંધો નહીં, પણ આખા રસ્તે પાણીની ધાર મારાં કપડાં ભીંજવશે અને મારી મર્યાદા ઉઘાડી કરશે! જો સાવ ખાલી ઘડો લઈને જાઉં તો ઘરે મારાં સાસુ ખાલી બેડાના અપશુકન થયાં તેમ કહીને મારા પર ગુસ્સે થશે. તેથી સુનમુન અહીં બેઠી હતી. ત્યાં મારી જેઠાણી આવી અને મને સાથ આપવા બેઠી. અમે આ પ્રશ્નનો ઉકેલ કેવી રીતે લાવવો તેની ચર્ચા કરવા લાગ્યાં.'

મારા ગુરુએ કહ્યું, 'માઈ! ચિંતા ન કર! હું તને રસ્તો બતાવું છું!'

તેમણે મોટી વહુને કહ્યું, 'માઈ! તમે માથે બે મોટા હાંડા લઈ લો. નીચે તમારો સાજો હાંડો અડધો ભરીને રાખજો અને ઉપર કાણો હાંડો પૂરો ભરીને લઈ લેજો. આખા રસ્તે ઉપરના કાણા હાંડામાંથી ઝરતું પાણી નીચેના હાંડામાં જતું રહેશે.

ત્યાં તો ઘર આવી જશે.'

પછી ગુરુએ નાની વહુને કહ્યું, 'તું બંને ઘડા ભરી લે અને માથે લઈ લે. આ રીતે બંને ઘરે પહોંચી જશો. કપડાં પણ ભીનાં નહીં થાય, મર્યાદા પણ ઉઘાડી નહીં થાય અને ખાલી બેડાના અપશુકન પણ નહીં થાય!'

ગુરુ આગળ બોલ્યા, 'પછી કંસારા પાસે જઈને હાંડો સમરાવી લેજો.'

બંને માતાઓએ અત્યંત પ્રસન્ન થઈને પૂછ્યું, 'બાઉલ! તમને આ રસ્તો કેમ સૂઝ્યો?'

મારા ગુરુ સ્વરૂપદાસે જે કહ્યું હતું તે મને હજુ પણ યાદ છે. તેમણે કહ્યું હતું, 'માઈ! આવા ઘણા ફૂટેલા, તૂટેલા, છિદ્રવાળા અને કાણામાંથી ઝરતા હાંડાઓને સમજદાર હાંડા સાથે માથે રાખીને એમના નિજસ્થાને, ઠેકાણે પહોંચાડ્યા છે! માઈ! અમથા બાઉલ થોડા બન્યા છીએ!'